# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-11-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL JUNAGADH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી બે દિવસ જુનાગઢના પ્રવાસે રહેશે. આજે સાંજે તેઓ કેશોદ વિમાન મથક પહોંચશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની દોઢ સો-મી જન્મજયંતી નિમિત્તે જુનાગઢના મુક્તિ દિવસે આવતીકાલે બહાઉદ્દીન મહાવિદ્યાલયના મેદાનમાં યુનિટી માર્ચ પદયાત્રા યોજાશે. તેમાં મુખ્યમંત્રી વિશેષ ઉપસ્થિત રહેશે. સાડા આઠ કિલોમીટર લાંબી આ પદયાત્રા વિવિધ માર્ગ પરથી પસાર થઈ સરદાર ચોક ખાતે પૂર્ણ થશે.

. . . .

# CHHOTA UDEPUR UNITY MARCH

સાંસદ જસુ રાઠવાએ સરદાર એટ 150 યુનિટી માર્ચ અને ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે  યોજાનારી યાત્રા અંગે છોટાઉદેપુરમાં પત્રકાર પરિષદ યોજી. તેમણે પદયાત્રાની રૂપરેખાની માહિતી આપી તેમજ યાત્રામાં લોકોને જોડાવવા અપીલ પણ કરી.

(BYTE: JASHU RATHVA, MP)

. . . . . . . .

# DIU MAT GANATRI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં જિલ્લા પંચાયતની ત્રણ બેઠક પર ભાજપનો વિજય થયો છે. પાંચ નવેમ્બરે જિલ્લા પંચાયતની 2-8 , 3-8 અને 6-8 બેઠક પર ચૂંટણી યોજાઈ હતી. આ માટે આજે મતગણતરી હાથ ધરાતા ત્રણેય બેઠક પર ભાજપનો વિજય થતાં કાર્યકર્તાઓએ ઉજવણી કરી હતી. વિજેતા ઉમેદવાર નાનજી બાબુએ પ્રતિક્રિયા આપી.

(બાઈટઃ નાનજી બાબુ, ભાજપ ઉમેદવાર)

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નગરપાલિકા અને પંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર કરાયાં.

(વોઈસ કાસ્ટ – પ્રદિપ ભાવસાર)

. . . . .

# GIR SOMNATH DUB

ગીરસોમનાથના વેરાવળ નજીક આવેલા આદરી બીચ પર ફોટો ખેંચાવતા સાત લોકો દરિયાની લહેરોમાં તણાઈ ગયા હતા. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે, રાહત અને બચાવ કામગીરી દરમિયાન છ લોકોને બચાવી લેવાયા છે. જ્યારે એક યુવતી હજી પણ ગુમ છે, જેની શોધખોળ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . .

# NAVSARI GAURAV YATRA

ભગવાન બિરસા મુંડાની દોઢ સો-મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલી જનજાતીય ગૌરવ યાત્રા નવસારી જિલ્લાના ખેરગામ તાલુકા ખાતે પહોંચી. બિરસા મુંડા સર્કલ ખાતે લોકોએ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી બોધ લઈ દેશભક્તિનો ગુણ અપનાવવા લોકોને આહ્વાન કર્યું.

. . . .

# MEHSANA SIR

મહેસાણા જિલ્લામાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે એક હજાર 810 જેટલા બૂથ સ્તરના અધિકારીઓ – BLO એન્યુમરેશન ફૉર્મ એટલે કે , ગણતરી પત્રકના વિતરણની કામગીરીમાં જોડાયા છે. અત્યાર સુધી ત્રણ લાખ જેટલા પત્રકનું વિતરણ થઈ ગયું છે. મહેસાણામાં 35 લાખથી વધુ પત્રકનું વિતરણ કરાશે.

. . . . . . . . . .

# SANGHANI ON PACKAGE

રાજ્ય સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત થયેલા ખેડૂતો માટે 10 હજાર કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કર્યું છે. સહકારી સંસ્થા ઇફ્કોના અધ્યક્ષ દિલીપ સાંઘાણીએ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકાર્યો છે.

(BYTE: DILEEP SANGHANI, CHAIRMAN, IFFCO)

. .

# WEATHER FORECAST

રાજ્યમાં ગત બે દિવસથી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન ખાતાએ આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીને લઈ આગાહી કરી છે. રાજ્યના વિવિધ જિલ્લામાં તાપમાનનો પારો ગગડ્યો છે. આ સાથે જ કચ્છનું નલિયા 16.3 ડિગ્રી સેલ્સિયસ ડિગ્રી સાથે હાલ સૌથી ઠંડુ શહેર રહ્યું છે. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટી શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . . . .